# રાજ્યપાલના હસ્તે ધ્રુવકુમાર છાયાના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું



ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતના રાજ્યપાલ ઓ પી કોહલીએ એમ એસ યુનિવર્સિટી ઓફ બરોડાના ભૂતપૂર્વ કુલસચિવ ધ્રુવકુમાર છાયા દ્વારા લિખિત પુસ્તક 'હિસ્ટ્રી ઓફ હાયર એજ્યુકેશન ઈન ઈન્ડિયા વિથ ફોકસ ઓન ગુજરાત'નું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે નિરમા યુનિવર્સિટીના અધ્યક્ષ ડૉ. કરસનભાઈ પટેલ, ભારત સરકારના ભૂતપૂર્વ સચિવ હસમુખ અઢિયા અને ગુજરાત સરકારના ભૂતપૂર્વ સચિવ કે પી યાજ્ઞિક પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલે જણાવ્યું હતું કે શ્રી છાયાએ તેમના શિક્ષણ ક્ષેત્રના બહોળા અનુભવોના આધારે દેશ અને વિશેષ કરીને ગુજરાતના સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણના ઈતિહાસ વિશે જે પુસ્તક લખ્યું છે, તે આવકારદાયક છે. તેમણે છાયાના શિક્ષણ પ્રત્યેના લગાવને બિરદાવી તેમને અભિનંદન આપ્યા હતા. પ્રારંભમાં પુસ્તકના લેખક ધ્રુવકુમાર છાયાએ પુસ્તકના વિષય અંગે સવિસ્તાર માહિતી આપી હતી. આ પ્રસંગે શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ, વિદ્વતજનો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



ખનક ઈન્સ્ટીટ્યુટ ફોર પરફોર્મિંગ આર્ટ્સ દ્વારા ગરબા તાલીમ ક્લાસનો શુભારંભ કરવામાં આવ્યો છે. ખુશ્બુ શુક્લ અને કુલદીપ શુક્લ દ્વારા પારંપારિક તથા આધુનિક શૈલીથી થતા રાસ-ગરબાની તાલીમ આ ક્લાસ અંતર્ગત આપવામાં આવશે.

ગ્રામ સેવા મંદિર, નારદીપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા

# રંગોલી પ્રિ-પ્રાઈમરી સ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૩

ગ્રામ સેવા મંદિર, નારદીપુર સંચાલિત સઘળી શૈક્ષણિક સંસ્થાઓના ઉપક્રમે પર્યાવરણ સંરક્ષણ-સુધારણા હેતુ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શૈક્ષણિક સંસ્થાઓના સ્ટાફમિત્રો, પર્યાવરણપ્રેમી ગ્રામજનો તથા ગ્રામ સેવા મંદિર, નારદીપુરના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રંગોલી પ્રિ-પ્રાઈમરી સ્કૂલ ખાતે યોજાયેલા આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં નારદીપુર મેઢાવાસના રહીશ અને હાલ યુએસએ સ્થિત ડૉ. નારણભાઈ પ્રભુદાસ પટેલ તથા ગાંધીનગર જિલ્લા વન અધિકારી એસ એમ ડામોરે ઉપસ્થિત રહી અભિપ્રેરણ પૂરું પાડ્યું હતું.

# ગોપાલક વિદ્યાસંકુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ



શ્રી જે એમ પી ગોપાલક વિદ્યાસંકુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોએ પણ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાની ૭ સ્કૂલ્સમાં અભ્યાસને લગતી વિવિધ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. દેવની મોરી, હિંમતપુર, કલ્યાણપુર, ફુલ્લા, ભવાનપુર, વાંટડા તથા છાત્રેશ્વરીમાં ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓને સ્કેચ પેનના પેકેટ, પેન્સિલ સેટ, નોટબુક, પેન્સિલ,, ચપ્પલની ભેટ ધરવામાં આવી હતી. સ્કેચ પેન અને પેન્સિલ સેટનું સૌજન્ય પ્રણવભાઈ જોષીપુરા તરફથી પ્રાપ્ત થયું હતું. બે આંગણવાડીનાં બાળકોને બિસ્ટીક અને નવાં કપડાં પણ આપવામાં આવ્યાં હતાં તથા ભવાનપુરમાં બાળકોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. મિલિન્દભાઈ, અરવિંદસિંહ, સંદિપસિંહ, ગામેતીભાઈ અને યોગેશભાઈ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.

# શ્રી જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં વિદ્યાર્થિનીઓ માટે મહેંદી સ્પર્ધા યોજાઈ



શ્રી જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે વિદ્યાર્થિનીઓનાં વ્રત પર્વ નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૬થી ૮માં અભ્યાસ કરતી ૧૨૦ જેટલી વિદ્યાર્થિનીઓએ આ ઉપક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આચાર્ય મીનાબેન ચૌધરીના માર્ગદર્શનમાં રમીલાબેન ચૌધરી અને રીનાબેન ચૌધરીએ આ કાર્યક્રમનું આયોજન તથા સંચાલન કર્યું હતું.

# માતૃભાષા ખીલવે છે : મૌલિકતા અને સર્જનશીલતા

**માતૃભાષા-ચિંતન**

**હર્ષદ પ્ર. શાહ**

ભાષા એ સંસ્કૃતિની વાહક છે

જૈન મુનિ પંન્યાસ મુક્તિવલ્લભવિજયજી મહારાજ આપણી ભાષા માટે બહુ સરસ વાત કરતાં કહે છે : 'ભાષા એ સંસ્કૃતિની વાહક છે. આપણી સંસ્કૃતિ દયા અને પરોપકારની સંસ્કૃતિ છે, સંયમ અને સદાચારની સંસ્કૃતિ છે, શ્રદ્ધા અને ભક્તિની સંસ્કૃતિ છે, સ્નેહ અને સંબંધની સંસ્કૃતિ છે, નીતિ અને નિષ્ઠાની સંસ્કૃતિ છે. ખૂબ ઊંચા આદર્શોને અભિમુખ રહેલી આ સંસ્કૃતિ છે. ઈશ્વરીય અનુભૂતિઓ તથા સંતો-મહંતોથી પ્રાદુર્ભૂત થયેલી અને સિંચન પામેલી આ સંસ્કૃતિ છે. આપણી ભાષાઓમાંથી સંસ્કૃતિની સુગંધ પ્રસરે છે. ભાષા સાંસ્કૃતિક પ્રતીકોને પ્રકાશિત કરે છે અને સાંસ્કૃતિક મૂલ્યોને પ્રવાહિત કરે છે.'

આવી ભારતીય ભાષાઓમાં ઊંચું અને આગવું સ્થાન ધરાવતી આપણી ગુજરાતી ભાષાની ગરિમા અભિવ્યક્ત કરતી આપણા મહાન કવિ શ્રી ઉમાશંકર જોશીની કાવ્યરચના પણ માણવા જેવી છે :

ગુર્જરી ગિરા<br>
જે જન્મતાં આશિષ હેમચંદ્રની<br>
પામી, વિરાગી જિનસાધુઓએ<br>
જેનાં હિંચોળ્યાં મમતાથી પારણાં,<br>
રસપ્રભા ભાલણથી લહી જે<br>
નાચી અભંગે નરસિંહ-મીરાં-<br>
અખા તણે નાદ ચડી ઉમંગે,<br>
આયુષ્મતી લાડલી પ્રેમ ભટ્ટની,<br>
દઢાયુ ગોવર્ધનથી બની જે,<br>
અર્ચેલ કાન્તે દલપતપુત્રે<br>
તે ગુર્જરી ધન્ય બની ઋતંભરા<br>
ગાંધીમુખે વિશ્વમાંગલ્યધાત્રી

આપણી પ્રિય ગુજરાતી ગિરાને શબ્દોની ગંગાધારાનાં પવિત્ર જલબિંદુઓથી કેવી નવાજી છે ઉમાશંકરે !

માતૃભાષા કેવળ ભાષા નથી...<br>
એ હૂંફ છે, સ્નેહ છે, સંસ્કાર છે;<br>
જીવનવીણા અને એની જિવાળી છે,<br>
જીવનમાંગલ્ય અને જીવનનું અમૃત છે !

માતૃભાષા ધરતીનો ધબકાર છે. લોકસંસ્કૃતિનો પ્રાણ છે. જીવનમૂલ્યોની વાહક છે. માતૃભાષા તો ઘણું બધું છે... આપણું જીવનસર્વસ્વ છે...

મારા મનોઆકાશમાં વિહરતાં પંખીઓની જેમ કેટલાંક વાક્યો ફૂટી નીકળે છે :

માતૃભાષા આપણી જીવનધરિત્રી છે.<br>
માતૃભાષા આપણા જીવનપથને ઉજાળનારી દીવાદાંડી છે.<br>
માતૃભાષા આપણા મન-બુદ્ધિ-ચિત્તનું પોષક તત્ત્વ છે.<br>
માતૃભાષા આપણી જીવનયાત્રાનું પાથેય છે.<br>
માતૃભાષા આપણા વ્યક્તિત્વ-વિકાસનું પ્રેરક બળ છે.<br>
માતૃભાષા આપણી સંવેદનાઓની વાહક છે.<br>
માતૃભાષા આપણી સાંસ્કૃતિક ચેતનાની સંવાહક છે.<br>
માતૃભાષા આપણને-સમાજઘટકોને પરસ્પર જોડતી કડી છે.<br>
માતૃભાષ ાાપણી લોકસંસ્કૃતિની રખેવાળ છે.<br>
માતૃભાષા આપણા અંતઃસત્ત્વની પરિચાયક છે.<br>
માતૃભાષા આપણી ઓળખ છે.<br>
માતૃભાષા આપણા સમગ્ર અસ્તિત્વનો આધારછે.<br>
એ અતુલ્ય છે.

અન્ય કોઈ પણ ભાષા એનું સ્થાન લઈ શકે નહીં.

અને તેથી હું માતૃભાષાનો આપણા જીવનના વિવિધ આયામો પર પડતો પ્રભાવ સમજાવવા માગું છું. જીવનને જો અખિલાઈથી માણવું હોય અને સમગ્રતાથી જાણવું હોય તો માતૃભાષાને આપણા અનન્ય પ્રેમની અધિકારિણી બનાવવી જ રહી. માતૃભાષાને હૃદયથી... સમગ્રતાથી અપનાવવામાં જ આપણો, સમાજનો, સંસ્કૃતિનો અને રાષ્ટ્રનો વિકાસ નિહિત છે.

આપણી ભાષાએ આપણી સંસ્કૃતિની ઓળખ સ્થાપવા માટે કેવા સુંદર શબ્દોની ભેટ આપી છે !

અખંડ સૌભાગ્યવતી, કન્યાદાન, પાણિગ્રહણ જેવા શબ્દોની ઉંચાઈ આંબી શકવાની ક્ષમતા બીજી કોઈ ભાષામાં છે ? માણના મૃત્યુ પછી પણ એનો મહિમા કેવા શબ્દોએ અદ્ભુત રીતે કર્યો છે : કૈલાસવાસી થયા, સ્વર્ગવાસી થયા, પરલોકગમન થયું, દેવલોક પામ્યા, પ્રભુનાં ચરણોમાં સ્થાન પામ્યા... આવા શબ્દપ્રયોગથી પરલોક અને સ્વર્ગલોકની શ્રદ્ધા અને સ્વર્ગવાસનાં કારણભૂત પુણ્યકાર્યોનો આદર કરનારી સંસ્કૃતિનું ગુંજન ધ્વનિત થાય છે. આવો રણકો... આવો ભાવ અંગ્રેજી ભાષાના 'સેડ ડિમાઈસ' કે 'હેવન શિફ્ટિંગ'માં મળશે ખરો ?

અંગ્રેજ વેપારી સમી સાંજે દુકાન બંધ કરતો હશે, વધાવતો નહીં હોય. 'દીવો ઓલવવા'નું અંગ્રેજી મળશે પણ 'દીવો રાણો કર્યો, દીવો માંગલિક થયો, દીવો રામ થયો, દીવાની જયણા કરી...' વગેરે શબ્દાવલીઓના સાંસ્કૃતિક ભાવને વ્યક્ત કરવા અંગ્રેજી પર્યાય મળશે ? 'બંગડી તૂટી'ને તો અંગ્રેજી શબ્દદેહ આપી શકાશે - 'બેંગલ્સ આર બ્રોકન', પણ 'બંગડી નંદવાઈ ગઈ'ના ભાવને કોઈ અંગ્રેજી શબ્દો સમજાવી શકશે ?

આવેલા મહેમાન જાય છે ત્યારે 'જજો'ને બદલે 'આવજો'નો ભાવ 'ગુડ બાય'ના ચાહકોને નહીં સમજાય. 'જય શ્રીકૃષ્ણ' જેવા ભાવવાહી અભિવાદનને જેએસકે જેવા ટૂંકા રૂપથી અંગ્રેજી ભાષામાં વ્યક્ત કરનાર આપણી સંસ્કૃતિનો ઉપહાસ કરવામાં શું બાકી રાખે છે ?

'ભીમ પરાક્રમ' કહેતાંની સાથે ઈતિહાસ તાજો થાય છે... એને 'હરક્યુલિસ એડવેન્ચર' કહેવાથી ભારતીય સંસ્કૃતિનું શું થશે ? 'ભીષ્મપ્રતિજ્ઞા' અને 'ભગીરથ પ્રયાસ' જેવા સંસ્કૃતિના પરિચાયક શબ્દોને અંગ્રેજી વાઘાં પહેરાવી શકાશે ખરાં ?

આપણી સંસ્કૃતિનાં મહાપર્વોનો પરિચય કરાવતા ૧થી ૧૫ સુધીના શબ્દો જુઓ : બેસતું વર્ષ, ભાઈબીજ, અક્ષયતૃતિયા, ગણેશચતુર્થી, લાભપાંચમ-જ્ઞાનપાંચમ-વસંતપંચમી, રાંધણ છઠ, શીતળા સાતમ, ગોકુળાષ્ટમી, રામનવમી, વિજયાદશમી, મૌન એકાદશી, વાક્બારસ, ધનતેરસ, કાળી ચૌદશ, શરદપૂનમ-દિવાળી... શું આ બધાનું ભાષાંતર અંગ્રેજીમાં થઈ શકશે ?

સવારના નાસ્તાને 'બ્રેકફાસ્ટ' તરીકે ઓળખાવતા આજના કોન્વેન્ટના વિદ્યાર્થીને ભૂલેચૂકે 'શિરામણ' શબ્દ સંભળાઈ જાય તો મોઢું વકાસીને જોઈ રહેશે. આપણી ગ્રામીણ સંસ્કૃતિમાં વણાઈ ગયેલા 'રોંઢો' અને 'વાળુ' જેવા શબ્દોનો અંગ્રેજીમાં કોઈ વિકલ્પ છે ? નૂતન વર્ષના નવલા પ્રભાતનો ઠસ્સો મિલેનિયમને ફાળે ગયો છે, રક્ષાબંધનને વેલેન્ટાઈન ભરખી ગયો છે. દિવાળીની રાત્રિનો ઝગમગાટ થર્ટી ફર્સ્ટની ડિસેમ્બરની નશીલી નાઈટના ઝગમગાટ સામે ઝાંખો પડ્યો છે. આમાં માત્ર કાળનું જ પરિવર્તન થતું નથી, પણ કાળજાનું પરિવર્તન પણ થઈ જાય છે. તિથિ છોડીને તારીખ સ્વીકારી એટલે તેની સાથેની કેટલીક અસભ્યતાઓને પણ 'અભાનપણે' આવકારવી જ પડે છે. ભાષા અને સંસ્કૃતિનો નાતો દેહ અને આત્મા જેવો હોય છે. ભાષા દ્વારા સંલગ્ન સંસ્કૃતિનું પ્રત્યારોપણ અને પ્રવહન થતું જ રહે છે.

પ્રતિભાવ આવકાર્ય - matrubhasha.gaurav@gmail.com

## જન્મદિને વધામણી



**કીથ ભાવેશ કાપડિયા**
મો. ૯૮૯૮૪ ૮૫૮૬૭



**જે એન પરીખ**
મો. ૯૪૦૯૫ ૩૩૩૧૩



**શૈલેન્દ્ર ઠાકોર**
મો. ૯૯૨૪૭ ૮૩૩૪૨



**જગદીશ ઠાકોર**
દ્વારકેશ ઝેરોક્ષ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

